# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## કડવા ચીભડાં મીઠાં થયા

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

મિત્રો ! વાત વિચારો તો ગજબની લાગે હો ! જેમ કે મરચું અને શેરડી બન્ને જોડે જોડે વાવો તો મરચું તીખું થાય છે અને શેરડી ગળી થાય છે. એક જ જમીનમાં જોડે જોડે વાવેલાં, એક સરખું પાણી પાયું છતાં રૂપ, રંગ, આકાર બધાં જુદાં કેમ ? અલગ અલગ સ્વાદ મુક્યાં કોણે ? એ જ ભગવાનની લીલા છે. એ સ્વાદ મુકનાર પરમાત્મા છે. પ્રભુ ધારત તો લીમડાંને મીઠો બનાવત અને આંબાને કડવો બનાવત. ભગવાન ધારે તેમ થાય. આવો જ એક પ્રસંગ સ્વામિનારાયણ ભગવાનની જન્મભૂમિ છપૈયામાં બનેલો. ત્યારે હજુ ઘનશ્યામ મહારાજ નાના હતા.

વાત એમ હતી કે છપૈયામાં મીન સરોવર પાસે આપણા ઘનશ્યામ મહારાજના સગા મામા વશરામ તરવાડીની વાડી હતી. ખેતી પણ કરે અને થોડા ભાગમાં એમનું ઘર પણ ત્યાંજ. સમય થતાં તેમણે ખેતરમાં ચીભડી વાવી. જ્યારે ચીભડી વાવી ત્યારે તેમનાં મનમાં એ વિચાર આવ્યો કે જો સારા ચીભડાં થાય તો ઘનશ્યામ આવે ત્યારે તેમને પ્રેમથી જમાડશું. સમય થતાં ચીભડીનાં વેલા પણ ખૂબ સારા થયા. ચીભડાં પણ સારા એવા બેઠાં.

એક દિવસ મામા ચીભડાં પાસે ગયા. ચપ્પુ વડે ચીભડાંનો કટકો કરીને ચાખ્યું. જેવું ચાખ્યું તો એકદમ કડવું. કારેલા કડવાં સારા પણ ચીભડાં કડવા સારા નહીં, તે નુકશાન કરે. વશરામ મામાને થયું કે આ વેલો કદાચ એવો હશે, ચાલો બીજા છેડે જોઉં. ત્યાંથી ચીભડું લઈ ચાખ્યું તો ત્યાં પણ કડવું. ખેતરના ચારે ખૂણે તપાસ્યું પણ બધાં જ વેલામાં ચીભડાં કડવાં. મામા તો ઘરે આવીને બહુ દુ:ખી થઈ ગયા. એ વખતે ઘનશ્યામ મહારાજ મામાને ઘેર હતા. મામાને ચિંતામાં પડેલા જોઈ ઘનશ્યામ મહારાજે પૂછ્યું, મામા ! શાની ચિંતા કરો છો? મામાએ ઘનશ્યામ મહારાજને વાત કરી કે હે ઘનશ્યામ ! ચીભડાં વાવ્યા ત્યારે એવો મનસુબો કર્યો હતો કે ચીભડાં જો સારા થાય તો તમને જમાડીશું. પણ અત્યારે મેં જાતે જઈને ચીભડાં ચાખ્યાં પણ બધાં ચીભડાં એકદમ કડવાં છે. ખાતર-પાણીનો કરેલો ખર્ચ પણ માથે પડ્યો, કરેલી મહેનત પણ બધી નકામી ગઈ અને એથીયે વિશેષ ''તમે જમી નહીં શકો.''

ઘનશ્યામ મહારાજ વિચાર કરવા લાગ્યા કે, મામાને કેટલું દુ:ખ થયું. અમારે કાંઈક કરવું પડશે. પ્રભુ ખેતરમાં ગયાને ખેતરમાંથી ત્રણ-ચાર ચીભડાં લઈ આવ્યા. મામાને કહ્યું કે મામા ! આ ચાખી જુઓ. મામાએ ચાખ્યાં તો ચીભડાં એકદમ મીઠાં સાકર જેવાં હતા. મામાની નવાઈ નો તો પાર ન રહ્યો. મામા અને ઘરના બધા સભ્યો ખેતરે ગયા. ચાખીને ખાતરી કરી જાણ્યું તો બધાં જ ચીભડાં એકદમ મીઠાં હતાં. મામાને તો નવાઈ લાગી કે મેં બધા વેલાના ચીભડાં ચાખ્યાં હતા બધા જ કડવાં હતા અને એ જ વેલાનાં આ ચીભડાં મીઠાં કેવી રીતે થઈ ગયા ! મામાના હરખનો તો પાર જ ન રહ્યો. શ્રી ઘનશ્યામના પ્રતાપે આવું બન્યું છે. પછી તો ઘનશ્યામ મહારાજ પણ મામાના ઘરે આવે અને ચીભડાં આરોગે.

મામાને ઘનશ્યામ મહારાજે કહ્યું કે, મામા ! તમારા મનમાં અમને જમાડવાનો મનસુબો હતો એટલે આ ચીભડાં મીઠા થયાં.

આ ચરિત્રનું રહસ્ય એ છે કે જેમ ચીભડાં કડવાં હોય છે એમ ઘણીવાર જીંદગી પણ કડવી લાગતી હોય છે. એ જીંદગીની કડવાસને દૂર કરવી હોય તો જીવને ભગવાનને સમર્પિત કરશું તો પરમાત્મા જરૂરથી કડવી જીંદગીને ચીભડાંની જેમ મીઠી બનાવી દેશે. અને પ્રભુમય જીંદગી જીવવાનો અનેરો આનંદ પ્રાપ્ત થશે. આપણી ચિંતાઓ ભગવાન દૂર કરી દેશે. ભગવાનનો દ્રઢ આશરો શરણાગતિ એ જ જીવન સમર્પણ છે.

પ્રેમાનંદ સ્વામીએ કીર્તનમાં ગાયું છે કે -

**"પુરૂષોત્તમ સહજાનંદ જાને સુખ રાશી,**
**પ્રેમાનંદ આયો શરન ચરન કો નિવાસી**
**હમ તો એક સહજાનંદ ચરણ કો ઉપાસી...."**

એમ જીંદગીમાં એક નિષ્ઠા, એક ભરોંસો હોય તો ભક્તની જીંદગી કાયમ મીઠી મધ જેવી બની રહે.

●

## આપણું કર્મ એ જ ભક્તિ

- નારાયણ વી. જાની (ગાંધીનગર)

પ્રવાસમાં જો ભક્તિ મળે તો પ્રવાસ યાત્રા બની જાય. ભોજનમાં જો ભક્તિ ભળે તો ભોજન પ્રસાદ બની જાય. એમ, કોઈ પણ કર્મમાં જો ભક્તિ ભળે તો તે કર્મ પૂજા બની જાય. તે દ્વારા ઉત્તમ ફળની પ્રાપ્તિ થાય છે. જેમ કે બોર વેચવાના વ્યવસાય સાથે તો ઘણાં બધાં લોકો જોડાયેલા હશે, જે બોર ઉતારી ઉતારીને વેચતા હશે તે કર્મ છે. એનાથી કોઈનું કલ્યાણ ન થાય. પરંતુ એજ બોર શબરી શ્રીરામજી માટે ઉતારી લાવતી તે કાર્ય ભક્તિ બની ગયું. અને તે ભક્તિના પ્રતાપે શ્રીરામ એની ઝૂંપડીએ પધાર્યા અને શબરીનું કલ્યાણ કર્યું.

કર્મ કરવા પાછળ શું ભાવ સમાયેલો છે તેનું ખૂબજ મહત્વ છે. જો થોડું પણ બારીકાઈથી નિરીક્ષણ કરવામાં આવે તો ખ્યાલ આવે કે એક એક કર્મ જે આપણા દ્વારા કરવામાં આવે કે તેમાં ક્યો વિચાર છે. જો આટલી બાબતનું ધ્યાન રાખવામાં આવે તો તેનું ફળ ભક્તિના ખાતામાં જમા થઈ રહે છે.

એવી જ વાત સ્વામિનારાયણ ભગવાનનાં ભક્ત એક બહેનના જીવનમાં બની. સ્વામિનારાયણ ભગવાન અનેક જીવાત્માઓનું કલ્યાણ કરવા માટે આ ધરતીને પોતાના ચરણકમળોથી પાવન કરી રહ્યા હતા તે સમયની આ વાત છે. ભક્ત બહેન ઘરનું કાર્ય કરતાં કરતાં પણ સતત સ્વામિનારાયણ ભગવાનનું સ્મરણ કરે. શ્વાસોશ્વાસે જાણે શ્રીહરિનું અખંડ ચિંતવન.

એક દિવસે સવારે નિત્યકર્મ, પૂજા-પાઠથી પરવારી રસોઈ બનાવવાની શરૂઆત કરી. એમના પતિદેવ ખેતરે પહોંચી ગયા હતા અને આ બહેન ભગવાનનું સ્મરણ કરતાં કરતાં રસોઈ બનાવે છે. સરસ મજાના બાજરીના રોટલા ઘડી રહ્યાં છે. એમાં એક રોટલો એકદમ સરસ ફૂલ્યો. ફૂલીને દડા જેવા થયેલા આ રોટલાને જોઈને આ બહેનને મનમાં સંકલ્પ થયો કે આ રોટલો તો મારા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાન પ્રેમથી જમે એવો થયો છે. જ્યારે કાંઈ પણ સારૂ બને, કોઈ સારી વસ્તુ દેખાય તો જે જે સહુથી પ્રિય હોય તે જ પ્રથમ યાદ આવે. આ બહેનના શ્વાસોશ્વાસમાં શ્રીહરિનું જ અખંડ ચિંતવન હતું તેથી સારો ફુલેલો રોટલો જોઈને તરત જ શ્રીહરિ યાદ આવ્યા. રોટલા-શાક બધું તૈયાર કર્યું. રોજના નિયમ મુજબ બધું ટોપલામાં ભરીને ટોપલો માથે ઉપાડીને ખેતરના માર્ગે ચાલતા થયા.

જે રસ્તે આ બહેન પસાર થતા હતા તે રસ્તે સામેથી ધૂળની ડમરી ઉડતી દેખાણી. મારતે ઘોડે કોઈ આવી રહ્યું હોય તેવું દેખાણું. થોડીવારમાં તો હવામાં છોગલું ફરકી રહ્યું હતું તે દેખાયું ને આ બહેન તો ઓળખી ગયાં કે મારા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાન આવી રહ્યા છે. આ બહેનના હરખનો તો પાર ન રહ્યો. વાહ.... ધન્ય મારા પ્રભુ.... ધન્ય તમારી કૃપા.

**"અમરના સરદાર હરિ મારા નેણાં તણાં શણગાર**
**નેણાં તણાં શણગાર, નટવર માણકીના અસવાર."**

માણકીના અસવાર શ્રીહરિ આ બહેન પાસે આવીને ઉભા રહ્યા. આ બહેને ટોપલો મસ્તક ઉપરથી ઉતારી બાજુમાં મૂક્યો અને નમસ્કાર કર્યા. અચરજ સાથે પૂછ્યું - મહારાજ ! અત્યારે આ બાજુ ! મહારાજ કહે બીજી બધી વાત પછી અમને બહુ ભૂખ લાગી છે. બહેને તો ટોપલો મુકેલી રોટલાની થપ્પીમાંથી એક રોટલો કાઢી મહારાજને આપ્યો. તો મહારાજ કહે, આ નહીં, અમને તો અમારો રોટલો આપો. પછી જે રોટલો બનાવતા સારો ફૂલ્યો હતો અને ભગવાનને જમાડવાનો સંકલ્પ થયેલો એ રોટલો પોતાના હાથમાં લઈ ઠાકોરજી જમવા લાગ્યા. આ બહેન તો રાજી રાજી થઈ ગયા. ધન્ય મારા પ્રભુ ! ધન્ય.

મહારાજ ! હજુ બીજું શાક લ્યો કહી શાક લેવા બહેન નીચે નમીને જ્યાં ઉભા થયા તો ન તો ત્યાં માણકી ઘોડી કે નહી મહારાજ ! મહારાજ પ્રસાદીનો અડધો રોટલો ટોપલામાં મુકીને અદ્રશ્ય થઈ ગયા.

મિત્રો ! જો હૈયામાં સાચો ભાવ હોય તો ભગવાન આજે પણ હાજરા હજુર છે. આપણા સૌના ઘરમાં રસોઈ તો બનતી જ હોય કે હું મારા ઈષ્ટદેવ માટે થાળ બનાવું છું. એવી ભાવના રાખીને પવિત્રતાથી થાળ બને તો ભગવાન જરૂર તેનો સ્વીકાર કરે. ભગવાન ભાવનાના ભૂખ્યા છે, ભભકાના નહીં. જો ભક્ત હૈયામાં ભગવાનને જમાડવાનો સાચો ભાવ જાગે તો ભગવાનને ભૂખ લાગે.

તો ચાલો, ''જાગ્યા ત્યાંથી સવાર'' ઘરમાં રસોઈ બનાવતાં ભગવાનનું સ્મરણ કરવું એવો નિયમ રાખીશું તો એ ભોજન પ્રસાદ બની જશે અને જમનારનું શ્રેય થશે.